# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**

**અખબારી યાદી** **તારીખ: ૦૪/૦૮/૨૦૨૬**

- સંસદમાં પ્રસ્તુત આંકડાઓ મુજબ સિકલ સેલ ડિસીઝમાં ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે.
- ગુજરાતના આદિવાસી વિસ્તારમાં સિકલ સેલ ડિસીઝના ૩૦,૫૨૧ દર્દીઓ.
- ગુજરાતમાં કુલ સિકલ સેલ કેરિયર દેશના કુલ કેરિયરના ૨૫% થી વધુ.
- દેશમાં કુલ સિકલ સેલ કેરિયર ૨૦,૩૭,૭૩૩ જ્યારે ગુજરાતમાં સિકલ સેલ કેરિયરનો આંક ૫,૪૮,૮૨૦ છે.
- ગુજરાતના આદિવાસી વિસ્તારમાં સિકલ સેલ ડિસીઝ માટે જન જાગૃતિ, પૂરતી દવા, સારવાર અને કાઉન્સેલિંગની મોટા પ્રમાણમાં જરૂરિયાત.

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સંસદમાં પ્રસ્તુત આંકડા મુજબ ગુજરાતનો આદિવાસી વિસ્તાર સિકલ સેલની બીમારીથી ગ્રસ્ત છે. ગુજરાત રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં ૩૦૫૨૧ દર્દીઓ સિકલ સેલ ડિસીઝથી પીડાઈ છે. દેશના આદિવાસી વસ્તી ધરાવતા ૧૭ રાજ્યોમાં સિકલ સેલ ડિસીઝમાં ગુજરાત રાજ્ય ત્રીજા ક્રમે છે. ગુજરાતમાં આદિવાસી વસ્તી ધરાવતા ૧૩ જિલ્લામાં ૧ કરોડ થી વધારે આદિવાસી સમાજના લોકો રહે છે. સિકલ સેલ ડિસીઝ દર્દીઓમાં ઓરિસ્સાના ૧૦૬,૨૫૫ અને મધ્યપ્રદેશના ૪૦૪૩૬ બાદ ગુજરાત ત્રીજા ક્રમે આવે છે તે ચિંતાનો વિષય છે. ગુજરાત રાજ્યમાં માત્ર દર્દીઓ જ નહીં સિકલ સેલ કેરિયરનો આંકડો પણ ચોંકાવનારો છે. દેશના કુલ સિકલ સેલ કેરિયરના ૨૫% કેસો ગુજરાતમાં જોવા મળે છે. દેશમાં આદિવાસી વસ્તી ધરાવતા ૧૭ રાજ્યોમાં ૭.૨૬ કરોડ આદિવાસી સમુદાયના લોકોનું સિકલ સેલ ડિસીઝ માટે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૨,૪૮,૩૭૫ સિકલ સેલના રોગ થી પીડિત દર્દીઓ છે જ્યારે કુલ સિકલ સેલ કેરિયર ૨૦,૩૭,૭૩૩ જેટલા મળ્યા છે.

જ્યારે ગુજરાતની વાત કરીએ તો આદિવાસી વિસ્તારમાં ૮૩,૬૬,૦૬૬ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું જેમાં ૫,૪૮,૮૨૦ સિકલ સેલ કેરિયર લોકો મળી આવ્યા છે તે આંકડો ખૂબજ ચોંકાવનારો છે. ગુજરાત રાજ્યમાં સિકલ સેલ પીડિત દર્દીઓના આંક ઉંમર પ્રમાણે સરકાર દ્વારા સંસદમાં આપવામાં આવ્યો છે. ગુજરાતમાં ૨ વર્ષ સુધીના બાળકો ૬૪, ૨ થી ૧૦ વર્ષના બાળકો ૨૪૨૧, ૧૦ થી ૧૮ વર્ષના ૭૧૮૬ , ૧૮ થી ૨૫ વર્ષના ૭૦૦૪, ૨૫ થી ૪૦ની વય ના ૯૩૨૭, ૪૦ વર્ષ ઉપરના ૪૪૭૬ સિકલ સેલ રોગના દર્દીઓ છે, જ્યારે ૪૭ દર્દીઓ એવા છે જેમની ઉંમરનો ખ્યાલ સરકારને નથી. સિકલ સેલ કેરિયરના આંકડાનું

ઉંમર પ્રમાણે વર્ગીકિરણ કરવામાં આવ્યું છે, જેમાં ૦ થી ૨ વર્ષના ૧૮૪૬, ૨ થી ૧૦ વર્ષમાં ૩૦,૭૯૩, ૧૦ થી ૧૮ વર્ષમાં ૯૫,૯૮૨, ૧૮ થી ૨૫ વર્ષમાં ૧૦૪,૫૯૫, ૨૫ થી ૪૦ વર્ષમાં ૧૮૪,૮૪૨, ૪૦ થી વધુ ઉંમરમાં ૧, ૨૯,૯૪૬ જેટલા સિકલ સેલ વ્યક્તિઓ જોવા મળ્યા હતા. આદિવાસી વિસ્તારમાં દર્દીઓને પૂરતી દવા મળે સારવાર મળે તે દિશામાં સરકારે તાકીદે પગલા લેવા જોઈએ. સિકલ સેલ કેરિયર માટે ખુબજ મોટા પ્રમાણમાં જન જાગૃતિ, કાઉન્સેલિંગની જરૂરિયાત છે નહીં તો સિકલ સેલ દર્દીઓની સંખ્યામાં વધારો થઈ શકે છે જે ચિંતાજનક વિષય છે.

| | **કુલ સ્ક્રીનીંગ** | **સિકલ સેલ કેરિયર** | **સિકલ સેલ દર્દીઓ** |
|---|---|---|---|
| ગુજરાત | ૮૩,૬૬,૦૬૬ | ૫,૪૮,૮૨૦ | ૩૦,૫૨૧ |
| ભારત | ૭.૨૬ કરોડ | ૨૦,૩૭,૭૩૩ | ૨,૪૮,૩૭૫ |

| **રાજ્યનું નામ** | **સિકલ સેલ દર્દીઓ** |
|---|---|
| ઓરિસા | ૧,૦૬,૨૫૫ |
| મધ્ય પ્રદેશ | ૪૦,૪૩૬ |
| ગુજરાત | ૩૦,૫૨૧ |

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા
મો. 9898134146